જન્મદિને વધામણી

ભદ્રશિલાબેન ત્રિવેદી
સામાજિક અગ્રણી
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧

ભાવના સમીર રામી
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
મો. ૯૪૨૬૫ ૬૬૨૦૧

આકાશકુમાર સંજયભાઈ પટણી
મો. ૮૭૫૮૨ ૮૦૨૦૩

મિતવા

હરશિવ
રવીન્દ્રકુમાર નાયી
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨

ગાંધીનગરમાં બીએસએફ ફ્રન્ટિયર રેસલિંગ ક્લસ્ટરનો પ્રારંભ

ગાંધીનગર બીએસએફ પરિસર ખાતે ૪૨મી બીએસએફ ફ્રન્ટિયર રેસલિંગ ક્લસ્ટર-૨૦૧૮નો પ્રારંભ સોમવારથી કરવામાં આવ્યો છે. આગામી તા. ૩૧ ઑગષ્ટ સુધી આ સ્પર્ધા ગાંધીનગર બીએસએફ પરિસર ખાતે કાયમ રહેશે.

આર એન પટેલ સ્કૂલમાં ઓરી-રૂબેલા રસીકરણ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ અંતર્ગત શાળાના ૨૨૨ વિદ્યાર્થીઓને રસી આપવામાં આવી હતી. વાલીઓએ આ ઉપક્રમ માટે પોતાનો સક્રિય સહકાર પૂરો પાડ્યો હતો.

નાદરી ચાંદીસણા શાળામાં રક્ષાબંધન પર્વ ઉજવાયું

કલોલ તાલુકાની નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળા ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા ભાવપૂર્વક કરવામાં આવી હતી.

ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની સામાન્ય સભા ચીફ કમિશનર રતિલાલ સી જોષીના પ્રમુખસ્થાને મળી હતી, જેમાં સર્વાનુમતે કાર્યવાહી કરવામાં આવી. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈના મૃત્યુના માનમાં બે મિનીટનું મૌન પાળી તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

પ્રથમ વાર્ષિક હિસાબો તથા કાર્યવાહીને રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ આગામી વર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખાલી પડતી જગ્યાએ નવા સભ્યોની નિમણૂંક બાબત, સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિ તથા વિકાસને લગતી ચર્ચા કરવામાં આવી હતી. પૅટ્રન તરીકે જિલ્લા કલેક્ટર, વાઈસ પ્રેટ્રન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી અને શાસનાધિકારીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

જિલ્લા પ્રમુખ તરીકે દિનેશભાઈ વ્યાસ (આનંદીબાનો વડલો, માણસા)ની નિમણૂંક કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે નીતાબેન શાહ (આચાર્ય, ચૌધરી સંકુલ, માણસા) અને ઓર્ગેનાઈઝર ગાઈડ કમિશનર તરીકે એકતાસિંગનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૨૪મી વર્લ્ડ જામ્બોરી નોર્થ અમેરિકામાં યોજાઈ હતી, જેમાં પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહેનાર યુવરાજસિંહ વાઘેલાને અભિનંદન આપવામાં આવ્યા હતા. ગાઈડ કમિશનર દેવેન્દ્રકુમારી રાઓલે આભારવિધિ કરી હતી.

દિલ્હી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ કૈલાસધામ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતી મર્યાદિત ન રહેતાં છાત્રોને નૈતિક મૂલ્યોના પાઠ પણ શીખવવાનો હંમેશાં પ્રયત્ન કરતી રહે છે. આ પ્રયાસના ભાગરૂપે ધોરણ-૯ અને ધોરણ-૧૧ના વિદ્યાર્થીઓએ 'કૈલાસધામ' વૃધ્ધાશ્રમના વડીલો વચ્ચે રક્ષાબંધનના પૂર્વ દિને જઈને આવશ્યક વસ્તુઓનું વિતરણ કર્યું હતું અને સાથે સાથે તેમની સાથે અવનવી રમતો રમીને આનંદ આપવાનો પ્રયાસ કર્યો હતો.

વાર્તા-કવિતા-નિબંધ માટે આયોજિત

બી કેશરશિવમ સ્પર્ધાનું પરિણામ જાહેર કરાયું

ગાંધીનગર, તા. ૨૮

ભારતરત્ન ડૉ. બી આર આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતી દલિત સાહિત્ય સભાના ઉપક્રમે બી કેશરશિવમ્ વાર્તા-કવિતા-નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓછી કૃતિઓ આવતાં સ્પર્ધાની અંતિમ તારીખ લંબાવીને ૧૪-૪-૧૭ રાખવામાં આવી હતી. તેમ છતાં વાર્તા સ્પર્ધા માટે ૪, કવિતા માટે ૨૨ અને નિબંધસ્પર્ધા માટે ૨૩ કૃતિઓ આવી હતી.

ડૉ. કેશુભાઈ દેસાઈ, પ્રવીણભાઈ ગઢવી, ભી ન વણકર, રાઘવજી માધડ, સાહિલ પરમાર, પ્રા. મહેશભાઈ જાદવ, રમણભાઈ વાઘેલાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

નિબંધસ્પર્ધાનું પહેલું ઈનામ રૂા. ૨૫૦૦ ડૉ. રમણ માધવ (બોરસદ)ને, બીજું ઈનામ રૂા. ૧૫૦૦ અમૃતલાલ ડી પરમાર (અમદાવાદ)ને અને ત્રીજું ઈનામ રૂા. ૧૦૦૦ સામંત સોલંકી (વેરાવળ)ને પ્રાપ્ત થયું છે. ઉપરાંત ધરમસિંહ પરમાર (રાધનપુર), પ્રા. પુષ્પાબેન વાઢેળ (વેરાવળ), ડૉ. મહેશ દાફડા (ભાવનગર), ગુલાબચંદ એન પટેલ (ગાંધીનગર), વાલજીભાઈ નારણદાસ પરમાર (કડી), અંજલિ પંકજભાઈ પટેલ (રાંધેજા)ને રૂા. ૧૦૦નાં આશ્વાન ઈનામ પ્રાપ્ત થયાં છે. કવિતામાં રૂા. ૨૫૦૦નું પ્રથમ ઈનામ ધરમસિંહ પરમારને, રૂા. ૧૫૦૦નું બીજું ઈનામ બાલઉદય એચ વાઘેલા (કોડિનાર) અને બાબુ નાયક (અડાલજ)ને સરખા ભાગે અને રૂા. ૧૦૦૦નું ત્રીજું ઈનામ બાગી પાલનપુરી (પાલનપુર)ને પ્રાપ્ત થયું છે. ઉપરાંત સોમ વાઘેલા (ગાંધીનગર), ડૉ. મહેશ દાફડા (ભાવનગર), હેમંત એમ રાઠોડ (થાનગઢ), ડૉ. ધીરજભાઈ સંપત (મોભા, પાદરા), દેવજીભાઈ કે રાઠોડ (તલાલા)ને રૂા. ૧૦૦નાં આશ્વાન ઈનામો પ્રાપ્ત થયાં છે.

વાર્તા વિભાગમાં માત્ર ચાર વાર્તાઓ આવેલી હોઈ સ્પર્ધાનું તત્ત્વ જળવાયું નથી અને તેથી નિર્ણાયકોના મતે આ સ્પર્ધા રદ કરવામાં આવી છે.

બીબીએ કોલેજ નાં ૬૩ વિદ્યાર્થીઓ

"સાપ્તાહિક આંતરરાષ્ટ્રીય યુથ સેમીનાર"માં ઈન્ટર્નશીપ તાલીમ માટે હૈદ્રાબાદ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના ૬૩ વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય સેમીનારમાં ઈન્ટર્નશીપ માટે તેલંગાણા સ્થિત હૈદરાબાદ જીલ્લામાં આવેલ કાન્હા ખાતે પહોંચ્યા હતા.

સમગ્ર વિશ્વના હાર્ટફૂલનેસ સંસ્થાના હેડ ક્વાટર ખાતે મેનેજમેન્ટ ક્ષેત્રના કૌશલ્ય વર્ધક પ્રાયોગિક મુદ્દાઓ જેવાકે આંતર રાષ્ટ્રીય ઈવેન્ટનું મેનેજમેન્ટ, સંચાલન, વહીવટ, સાથે સમગ્ર ઈવેન્ટમાં એકાગ્રતા,શિસ્ત, જેવા ગુણો વિકસે તે હેતુથી સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ધ્યાન અને તેનાથી થતા ફાયદાઓની સમજ આપી હતી. કોલેજ તરફથી ધર્મેન્દ્ર રાઠોડ વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.

તેલંગાણા ખાતે બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા ૨૫૦ વૃક્ષ રોપવામાં આવ્યા હતા. આ ઉપક્રમમાં અનેક દેશના યુવાઓ સામેલ હતા. હાર્ટફૂલનેસ સંસ્થા તરફથી ઉમેશભાઈ કોલ્હે તેમજ કેજલભાઈ દ્વારા કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું. કાન્હા ખાતે સંસ્થા ના એકતાબેન તેમજ વિનીતભાઈ સહીત સૌનો સહકર સાંપડ્યો હતો. તેમજ જીગ્નેશભાઈ શેલત અને પ્રકાશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને અડાલજ ખાતે તાલીમ આપવા માં આવી હતી. કૉલેજ તરફથી કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃસ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, ડો.આશિષ ભુવા, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ કૉલેજ પરિવાર દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલમાં વક્તૃત્ત્વ અને રાખડી બનાવટ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

શ્રીમતી એમ બી પટેલ પ્રાઈમરી સ્કૂલમાં ધોરણ-૩થી ૫ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્ત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ૫૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિષ્ઠા પંકજભાઈ અમીન, પ્લક્ષા અતુલભાઈ પંડ્યા અને રાજવી રાજેશભાઈ રાઠોડ વિજેતા બન્યાં હતાં. ધોરણ-૬થી ૮ની બહેનો માટે રાખડી બનાવટ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં વિશ્વા ચેતનકુમાર દવે, કોમલ હરેશભાઈ ભોયરે અને કનિષ્કા અરવિંદસિંહ વાઘેલા વિજેતા બન્યાં હતાં.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાનાં આચાર્ય નીરૂબેન પટેલના માર્ગદર્શનમાં મદદનીશ શિક્ષક સુધાબેન પટેલ અને હિરલબેન ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું.

સમર્પણ કૉલેજમાં તજ્જ્ઞ વ્યાખ્યાનમાળા યોજાઈ

સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે તજ્જ્ઞ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જુલાઈ અને ઑગષ્ટ દરમિયાન કુલ સાત વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં. પ્રતમ વર્ષ બીએ અને પ્રથમ વર્ષ બીકૉમના વિદ્યાર્થીઓને તેમણે રાખેલા વિષયની સંપૂર્ણ જાણકારી મળી રહે તેમજ તે વિષયમાં રહેલી રોજગારીની તકોનું નિદર્શન કરાવતી આ વ્યાખ્યાનમાળા ગાંધીનગરના શૈક્ષણિક વાતાવરણને વધુ સમૃદ્ધ બનાવનારી બની રહી હતી. આ વ્યાખ્યાનમાળામાં ગુજરાતી વિષયમાં ડૉ. હિંમત ભાલોડિયા, સમાજશાસ્ત્રમાં ડૉ. બાબુભાઈ પંચાલ, અંગ્રેજીમાં ડૉ. મનીષા શાહ, અર્થશાસ્ત્રમાં ડૉ. ધારાબહેન વજાડિયા, સંસ્કૃતમાં ડૉ. રાકેશ પટેલ, મનોવિજ્ઞાનમાં ડૉ. નિલેષ ગઢવી અને કૉમર્સમાં ડૉ. હરીશ ઓઝાએ વિદ્યાર્થીઓને વિશદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સંસ્થાના આચાર્ય ડૉ. દીપકભાઈ પંડ્યા અને ઉપાચાર્ય ડૉ. હેમંત વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ આયોજિત આ વ્યાખ્યાનમાળાનું સંયોજન ડૉ. સમીર ભટ્ટે સંભાળ્યું હતું.

સંસ્કાર ગૃપ દ્વારા વર્ષગાંઠ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૮

બાળકોની પ્રવૃત્તિમાં રત સંસ્કાર ગૃપ દ્વારા પોતાની સ્થાપનાની ૧૫મી વર્ષગાંઠ વિવિધ પ્રવૃત્તિઓ સાથે ઉજવવામાં આવી હતી. સૌપ્રથમ દેશના પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપાઈને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ કેરલ હોનારતમાં મૃત્યુ પામેલા દેશવાસીઓને પણ શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

આ વિશેષ દિવસ નિમિત્તે બાળકો સાથે વાત કરવા માટે નગરના નાટ્ય, ટીવી, ફિલ્મ કલાકાર હસમુખભાઈ મેકવાન ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકો સાથે મજાનો વાર્તાલાપ કર્યો હતો.

અંતમાં ગૃપનાં સભ્ય બાળકો અને વાલીઓએ વૃક્ષોને રાખડી બાંધી હતી અને તેમના જતનની પ્રતિજ્ઞા કરી હતી. ગૃપ તરફથી સૌને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

એસ.જી..અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં DSSL દ્વારા INDIA'S BIGGEST NATIONAL LEVEL INTER SCHOOL QUIZ CONTESTમાં ધોરણ-૪થી ૮ ૧૫૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ટેસ્ટમાં વિદ્યાર્થીઓની વય કક્ષાનુસાર તાર્કિક પ્રશ્નો હતા. બાળકોએ આ પરીક્ષામાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી જ્યોતિબેન મણિલાલ ચૌધરી કૉલેજ ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ) ખાતે ફેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી વિદ્યાર્થિનીઓ દ્વારા ગૃપ ડાન્સ, સોલો ડાન્સ અને ફેશન શોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ડિરેક્ટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ અધ્યાપક કિંજલ ચૌધરી દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.